વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની વિવિધ યોજનાઓનું ઇ-ગ્રામ કેન્દ્રો સાથે જોડાણ કરવા બાબત.

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

**ઠરાવ ક્રમાંકઃSJED/MIS/e-file/17/2022/3179/A Section**

સચિવાલય, ગાંધીનગર.

**<u>વંચાણેલીધાઃ-</u>**

(૧) વિભાગનો તા.૩૧/૦૫/૨૦૨૩નો સમાનાંકી ઠરાવ

(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ કચેરીનો તા.૨૦/૦૭/૨૦૨૪નો પત્ર ક્ર:વિજાક/ વ્ય.યોજના/ ૨૦૨૪-૨૫/૨૯૦

(૩) વિભાગની 'ગ' શાખાનો તા.૨૦/૦૮/૨૦૨૪નો પત્ર ક્ર:SJED/ASO/e-file/17/2024/1651/G

**<u>આમુખઃ-</u>**

સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના નિયંત્રણ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા વિવિધ કલ્યાણકારી યોજનાઓ અને સેવાઓ અમલમાં છે. આ યોજનાઓ અને સેવાઓના અમલીકરણ માટે એક સુનિશ્ચિત વ્યવસ્થાતંત્ર તાલુકા સ્તરે તથા જિલ્લા સ્તરે અમલમાં છે. આવી યોજનાઓ /સેવાઓનો લાભ તાલુકા અને જિલ્લા મથકેથી અરજદારોને મળી રહે છે. પરંતુ ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને તાલુકા અથવા જિલ્લા કક્ષાની કચેરીઓ સુધી આવવું પડે છે. જેથી, ક્યારેક તેમની દૈનિક રોજગારી ઉપર વિપરીત અસર પડે છે. ઉપરાંત જવા-આવવા માટે સમયનો વ્યય તથા પરિવહન ખર્ચનો વધારાનો બોજો પણ ઉભો થાય છે. બીજી તરફ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામ પંચાયતોની કામગીરીને ઇન્ફર્મેશન ટેકનોલોજીના માધ્યમથી અદ્યતન અને લોકપયોગી બનાવવા માટે ઇ-ગ્રામ યોજના વર્ષ ૨૦૦૭-૨૦૦૮ થી અમલમાં મુકવામાં આવેલ છે અને ઇ-ગ્રામ કેન્દ્રો મારફત રાજ્ય સરકારની વિવિધ ઇ-સેવાઓ પણ અમલમાં છે. વિભાગ હેઠળના વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની વિવિધ યોજનાઓનો લાભ લાભાર્થીઓ ગ્રામ્ય સ્તરેથી લઇ શકે તે માટે વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા.૩૧/૦૫/૨૦૨૩ના ઠરાવથી વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગની વિવિધ યોજનાઓનું ઇ-ગ્રામ સાથે જોડાણ કરવા માટે

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Aug-2024 (05:48 PM)

રૂ.૬૭.૦૦ લાખની નવી બાબતને ખર્ચ કરવાની વહીવટી મંજૂરી આપેલ છે. વંચાણે લીધેલ ક્રમ (૨) અને (૩) પરના પત્રોથી અનુક્રમે વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ દ્વારા ઇ-ગ્રામ કેન્દ્રો સાથે જોડાણ કરવા અને ઈ-ગ્રામ કેન્દ્રો મારફત યોજનાઓના ફોર્મ ભરવાની સુવિધા ઉપલબ્ધ કરાવવા તથા પ્રતિ અરજદાર દીઠ રૂ.૨૦.૦૦ લેખે પ્રસ્તાપિત રકમ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળની વિકાસ કમિશ્નરની કચેરી હસ્તકની ઈ-ગ્રામ સોસાયટીમાં જમા કરવા બાબતની દરખાસ્તના અન્વયે ઇ-ગ્રામ પોર્ટલ પર ઉક્ત પ્રભાગો હસ્તકની વિવિધ યોજનાઓના સંકલનની કામગીરી માટે વિજ્ઞાન અને પૌધોગિક વિભાગની તથા ગ્રામ-પંચાયતના **VCE** દ્વારા વિકસતી જાતિ કલ્યાણ પ્રભાગ અને અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હસ્તકની વિવિધ યોજનાઓના ફોર્મ ભરી આપવાની કામગીરી કરવા અને અને તે પેટે પ્રતિ અરજદાર રૂ.૨૦.૦૦ લેખે પ્રસ્થાપિત રકમ વિકાસ કમિશ્નરની હસ્તકની ઈ-ગ્રામ સોસાયટીમાં મુકાવા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મંજૂરી લેવાની બાબત વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

પુખ્ત વિચારણાના અંતે, નીચે મુજબની યોજનાઓ/સેવાઓ ડીજીટલ ગુજરાત પોર્ટલ ઉપરથી ડીજીટલ સેવા સેતુ અંતર્ગત "ઇ-ગ્રામ કેન્દ્રો" મારફત જોડાણ કરી સુવિધા ઉપલબ્ધ કરાવવાનું તથા અરજદાર દીઠ રૂ.૨૦.૦૦ લેખે પ્રસ્થાપિત રકમ પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળની વિકાસ કમિશ્નરશ્રી હસ્તકની ઈ-ગ્રામ સોસાયટીમાં જમા કરાવવાનું આથી ઠરાવવામાં આવે છે.

- **નિયામક વિકસતી જાતિ કલ્યાણ હેઠળની ૧૫ યોજનાઓ:**

૧. કોમર્શિયલપાયલોટ તાલીમ યોજના

૨. વિદેશ અભ્યાસ લોન યોજના

૩. વર્ગ-૧,૨ અને ૩ની સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારી માટેની કોચીંગ સહાય યોજના

૪. IIM, CEPT, NIFT, NLUની સ્પર્ધાત્મક પરીક્ષાની પૂર્વ તૈયારી માટેની કોચીંગ સહાય

૫. NEET, JEE, GUJCETની પૂર્વ તૈયારી માટેની કોચીંગ સહાય

૬. પંડિત દીનદયાળ ઉપાધ્યાય આવાસ યોજના

૭. માનવ ગરિમા યોજના

૮. સાતફેરા સમૂહ લગ્ન યોજના

૯. કુંવરબાઇનું મામેરૂં યોજના

૧૦. બેંકેબલ યોજના (રદ કરવામાં આવેલ છે.)

૧૧. ડૉકટર/વકીલ લોન સહાય યોજના (રદ કરવામાં આવેલ છે.)

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Aug-2024 (05:48 PM)

૧૨. આદર્શ નિવાસી શાળામાં ઓનલાઇન પ્રવેશ
૧૩. સરકારી છાત્રાલયમાં ઓનલાઇન પ્રવેશ
૧૪. ભોજન બીલ સહાય
૧૫ ટ્યુશન સહાય

## • <u>નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણ હેઠળની ૨૩ યોજનાઓ:</u>

૧. ડૉ. આંબેડકર આવાસ યોજના
૨. માનવ ગરીમા યોજના
3. કુંવરબાઈનું મામેરૂ
૪. વ્યવસાયનું સ્થળ/દુકાન ખરીદવા માટેની લોન (દુકાન સહાય યોજના)
૫. કોમર્શિયલપાયલોટ તાલીમ લાયસન્સ માટે લોન યોજના
૬. ડૉ. બાબાસાહેબઆંબેડકરસ્કોલરશીપ લોન યોજના (વિદેશ અભ્યાસ)
૭. ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના
૮. સોલંકી અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને નાણાંકિય લોન/સહાય યોજના
૯. ડૉ.પી.જી.સોલંકી અનુસુચિત જાતિના તબીબી સ્નાતક કક્ષાના ડૉક્ટરોને લોન/સહાય યોજના
૧૦.ડૉ.પી.જી.સોલંકી અનુસૂચિત જાતિના કાયદા સ્નાતકોને નાણાંકીય સહાય યોજના(સ્ટાઇપેન્ડ)
૧૧. અનુસૂચિત જાતિના ખેડૂતોને ખેતીની જમીન ખરીદવા માટે નાણાંકીય સહાય યોજના
૧૨. ડૉ.પી.જી.સોલંકી અનુસુચિત જાતિના તબીબી અનુસ્નાતક કક્ષાના ડોક્ટરોને લોન/સહાય યોજના
૧૩. માઇ રમાબાઈ સાત ફેરા સમુહલગ્ન યોજના
૧૪. સરકારી છાત્રાલય ઓનલાઇન પ્રવેશ
૧૫. આદર્શ નિવાસી શાળા ઓનલાઈન પ્રવેશ
૧૬. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને ભારત સરકારે પોસ્ટ-SSC શિષ્યવૃત્તિ
૧૭. કોલેજ સંલગ્ન છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા અનુસુચિતજાતિનાવિદ્યાર્થીઓને ફૂડમિલ સહાય
૧૮. મહારાજા સયાજીરાવ ગાયકવાડ m.phil & Ph.Dના વિદ્યાર્થીઓને મહાનિબંધ માટે સહાય
૧૯. મેડિકલ, એન્જીનીયરીંગ અને ડિપ્લોમામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સાધન ખરીદવા સહાય
૨૦. યાંત્રિક અને ITIમાં વ્યવસાયિક અભ્યાસ માટે સ્ટાઇપેન્ડ
૨૧. વધુ આવક ધરાવતા કુટુંબની અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને રાજ્ય સરકારની પોસ્ટ SSC શિષ્યવૃત્તિ

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Aug-2024 (05:48 PM)

૨૨. ધોરણ ૧૧ અને ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતા અનુસુચિત જાતિના વિદ્યાર્થીઓને ખાનગી ટ્યુશન સહાય

૨૩. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિના મૂલ્યે ટેબ્લેટ

વંચાણે લીધેલ ક્રમ (૧) પરના તા.૩૧/૦૫/૨૦૨૩ના ઠરાવની તમામ જોગવાઇઓ અને શરતો યથાવત રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ ઉપર વિજ્ઞાન અને પ્રાધોગિક વિભાગની તા.૦૮/૦૮/૨૦૨૪ ની તથા પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની તા.૧૧/૦૮/૨૦૨૪ ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Aug-2024 (05:48 PM)

**(કલ્પના રાણા)**
**ઉપ સચિવ**
**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**

**નકલ રવાનાઃ-**

- માન.મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી, (સા.ન્યા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, વિજ્ઞાન અને પ્રાધોગિક વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, બ્લોક નં-૪/૩જો માળ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી,અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં-૪/૨જો માળ, કો.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર.
- તિજોરીઅધિકારીશ્રી ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

- સેક્શન અધિકારીશ્રી, ગ-શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (કમ્પ્યુટર શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (ઉક્ત ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા વિનંતી સહ)
- શાખા સિલેક્ટ ફાઈલ.

eSign
Signed by: KALPANABEN VIPULKUMAR RANA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 22-Aug-2024 (05:48 PM)